SANDESH SURAT MONDAY, 12•12•2016

# દાગીના ચમકાવવાના બહાને વૃદ્ધાને છેતરનારા બે પકડાયા

## બીલીમોરાના બે ગઠિયાને પોલીસે ગલેમંડી ચારરસ્તાથી દબોચી લીધા

સુરત, તા. ૧૧

દસ દિવસ પહેલાં રામપુરાની વૃદ્ધાને દાગીના ચમકાવી આપવાના બહાને છેતરી જનારા બીલીમોરાના બે ગઠિયાને મહિધરપુરા પોલીસે પકડી લીધા હતા. ચોરીના ઘરેણાં ખરીદનારા નવસારીના જ્વેલર્સની પણ પોલીસે ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે હરિપુરામાં રામનાથ મહાદેવની શેરી ખાતે રહેતા વર્ષાબેન અરવિંદભાઈ બાટલીવાલા (૭૨) ગત તા.૧ના રોજ બે યુવકો છેતરી ગયા હતા. પાઉડર થકી દાગીના તથા ચીજવસ્તુઓ ચમકાવી આપતા હોવાનું કહી વર્ષાબેનના ચશ્માં તથા સાંકળા પાઉડરથી ચમકાવી આપ્યા હતા. જેથી વર્ષાબેનને તેઓ પર ભરોસો આવી ગયો હતો. ગઠિયાઓ બાદમાં રસોડામાં ગેસ પર એક તપેલીમાં પાણી મૂકી તેમાં પાઉડર નાંખ્યો હતો.

દરમિયાન વૃદ્ધાની નજર ચૂકવી તપેલીમાંથી બંગડીઓ કાઢી લીધી હતી અને બાદમાં બંને જણા નાસી ગયા હતા. મહિધરપુરા પોલીસમાં ૭૫ હજારના ચીટિંગની ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાન મહિધરપુરા પોલીસે આ ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. પોલીસ કર્મીઓ હરસુર સિસોદિયા અને રમેશભાઈને મળેલી બાતમીને આધારે ગલેમંડી ચારરસ્તા પાસેથી ઉમેશ સુખદેવ શા અને અજય કેવટ (બંને રહે. સિંગલ ફળિયું, બીલીમોરા- મૂળ બિહાર)ને પકડી પાડ્યા હતા. બંનેની પૂછપરછમાં નવસારીના જ્વેલર્સને દાગીના વેચ્યા હોવાનું બહાર આવતા પોલીસે જ્વેલર્સને પણ ઊંચકી લાવી હતી. પોલીસે દાગીના રિકવર કર્યા હતા.